સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ટીવી-ફિલ્મની, યુવા-માનસ, પર અસર છે,
શિક્ષણ ને સંસ્કારની સમાજમાં કસર છે,
બે-અસર છે કાયદા અને સુરક્ષા-વ્યવસ્થા -
કોપાયમાન છે નારી આંખે લાલ ટસર છે..
(બેકાબૂ-બળાત્કારો)

શબ્દો ની તાકે,
સદસ્યો મંત્રમુગ્ધ!
સંસદ દંગ!
(આભાર પ્રસ્તાવ પ્રત્યુત્તર)

'ડૂબતા નથી'
મોદી નામે તરેલા -
હવે કામમાં..
(નક્કર કાર્યવાહી..)

ચિંતન

કસ્તૂરિકા મૃગાણા મંડાદ્ ગન્ધ ગુણમખિલ મા દાય ।
યદિ પુનરહં વિધિઃ સ્યાં ખલ જિહ્યાયાં નિવેશયિષ્યામિ ॥

'જો હું જાતે જ વિધિતા થઇ જાઉં તો, સૌથી પ્રથમ કામ એ કરું કે કસ્તૂરી મૃગાની નાભિ-ડૂંટીમાં રહેલી બધી જ કસ્તૂરી એકત્ર કરી લુચ્ચા-જુઠા બોલા લબાડ-દુર્જન પુરૂષની જીભના અગ્ર સ્થાને તેનું સ્થાન નિશ્ચિત કરી નાખું, જેથી કરી મૃગલાંનો શિકાર કરતો શિકારી પછી મૃંગલાને છોડી દુર્જનની જીભ જ કાપી નાખે - કારણ કે આવા માણસની જીભથી કેટલાંયના જીવન બદબાદ થઇ જાય છે.'

દુષ્ટ-દુર્જન લોકોને સુખ-શાંતિ-સુલેહ ભર્યાં વાતાવરણમાં આનંદ નથી આવતો. કલહ-કંકાસ-ખટપટ-કોઇની ટીકા કોઇ પાસે કરી વાતાવરણ કેમ ડહોળાય અને એમાં જાતે 'હીરો' સલાહકાર (ઘી હોમનાર) બની સળગતી હોળીનું તાપણું લે એમાં જ મજા આવતી હોય છે - દુષ્ટ લોકોનો આમાં જ આનંદ સમાયેલો હોય છે.

એટલે જ કવિ કહે છે કે જો હું વિધાતા બ્રહ્મા-સર્જક હોઉં તો દુષ્ટની જીભ કેમ કપાઇ જાય એવી જ ગોઠવણ કરું - અને મુજબ એ યુક્તિ વિચારે છે કે જે કસ્તૂરી-સુગંધમય કેસર મૃગલાંની નાભિ પર થાય છે તે દુષ્ટની જીભ પર ઉગાડું જેથી શિકારીઓ દુષ્ટની જીભ જ કાપી જાય!

સુવિચાર

- સમાજ બાળકનો વિચાર કરશે એટલે બાળક સમાજ વિશે આપોઆપ વિચાર કરશે એવી મારી શ્રદ્ધા છે **- શાહબુદ્દીન રાઠોડ**
- જનમાનસની શુદ્ધિ પર જ સમાજની પ્રગતિ તથા સમૃદ્ધિનો આધાર રહેલો છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જો કામ કરવાની શુદ્ધ લગન ન હોય તો પ્રયત્નો પણ કમજોર થઇ જાય છે **- માનસસૂત્ર**
- શાસ્ત્રોમાં અસિમ શ્રધ્ધા, કોઠાસૂઝ, કેળવાયેલી વાણી, સમયસૂચકતા, બુદ્ધિચાતુર્ય, આગવી પ્રતિભા આટલા ગુણો માણસનાં કાર્યોમાં ઇચ્છીત ફળ આપનારા 'કામધેનુ' સમાન છે **- સુભાષિત**
- 'સત્ય' તો ઘોળે દિવસે દેખાય એમ જ પડ્યું છે.. એને શોધવાનું છે જ નહીં.. માણસે ફક્ત આંખો જ ઉઘાડવાની છે **- સચ્ચિદાનંદ**
- ભૂખ રિશ્તોં કો ભી લગતી હૈ, 'પ્યાર' કભી પરોસ કર તો દેખિયે..**- એસ.એમ.એસ.**
- પ્રેમ કરનાર સંપૂર્ણ જ હોય એ જરૂરી નથી, પણ એ માનવતાથી પૂર્ણ હોય એ પૂરતું છે **- હૃદયસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

જિંદગી-જીવનનું સાચું મૂલ્યાંકન તદ્દન છેલ્લી ક્ષણે-માણસના બેસણા-ઉઠમણાં વખતે જ થાય-આજકાલના માણસ ચૂંટણી જીતે અને એકાદ નાનું-મોટું સત્તાસ્થાન-પદ મળી જાય એટલે ટીવીવાળા-સમાચાર ઉમટી પડે 'તમારા જીવનની સફળતાનું રહસ્ય શું છે.'

જયોર્જ બર્નાડ શો ૭૪ વર્ષના થયા ત્યારે એક પત્રકાર તેમનો ઇન્ટરવ્યુ લેવા આવ્યો અને રાબેતા મુજબનો પ્રશ્ન પૂછ્યો - તમને શું લાગે છે? જિંદગીમાં તમે કેવા સફળ રહ્યા?

બર્નાડ શો એ હસતાં હસતાં જવાબ દીધો આ પ્રશ્ન માણસ મરણ પથારી પર છેલ્લા શ્વાસ લેતો હોય ત્યારે તમારે પૂછવો જોઇએ. હું હજુ મરણ પથારી પર પડ્યો નથી. વળી હજુ હું ઘણાં વરસ જીવવાનો છું અને એમાં કેટલીક નિષ્ફળતાઓ મળે એની પણ પૂરી સંભાવના છે. માણસના જીવનનું મૂલ્યાંકન તેના જીવનની અંતિમ ક્ષણ સુધી ઘટતી ઘટના પર જીવનની અંતિમ ક્ષણ સુધી ઘટતી ઘટના પર આધારિત હોવું જોઇએ. એકાદ ઘટનામાં સફળ થયા તે કંઇ જીવનની સફળતા નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટ 'ચિંતક'ની સાહિત્ય યાત્રાનો ખ્યાલ આપવામાં આવ્યો, જેમાં, ખાસ ઉપસ્થિત રહેલ નવલકથાકાર, મૂર્ધન્ય વાર્તાકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ ચયન સમિતિના સભ્ય ડૉ. કેશુભાઇ દેસાઇએ સાથ પુરાવ્યો

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

સાહિત્ય અવસર સેતુ

છેલ્લા ૧૭ વર્ષોથી સાહિત્યક્ષેત્રે અવિચળ રત એવી, ગાંધીનગર સાહિત્ય સભા આ માસમાં તા. ૮-૬-૨૦૧૪ના રોજ સાંજના ૬.૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, સદ્‌ભાવથી તેઓનાં કાર્યાલયમાં પ્રમુખશ્રી ભરત કવિ 'ઊર્મિલ' ના અધ્યક્ષસ્થાને સંપન્ન થઇ.

આ સભામાં, ગાંધીનગર સાહિત્ય સભાના ભાવભીના આમંત્રણને માન આપીને જાણીતા નાગરદાસ ભટ્ટ 'ચિંતક' એ સાહિત્યગોષ્ઠી અને કાવ્યપઠન કાર્યક્રમ માટે ઉપસ્થિતિ માટે પદાર્પણ કર્યું ત્યારે, સર્વેએ તેઓશ્રીને ખુબ જ ઉમળકાથી આવકાર્યા.

સભાની શરૂઆતમાં, શબદની આરાધ્ય દેવી મા શારદાની પ્રાર્થના મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, સર્વેના ધબકતા સૂરના સથવારે રજૂ કરવામાં આવી. ત્યારબાદ સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટનું અધ્યક્ષ ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા પરિમલ સભર પુષ્પગુચ્છથી અને ઉપપ્રમુખશ્રી નટવર હેડાઉ 'વનવિહારી' દ્વારા પુસ્તક ભેટ ધરીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સાહિત્યસભાના ઉપક્રમે ડો. સોમભાઇ પટેલ દ્વારા ચલાવવામાં આવતી સાહિત્ય સ્પર્ધાઓમાં (૧) ગ્રંથ પરિચય સ્પર્ધા (૨) વક્તૃત્વ સ્પર્ધા (૩) કાવ્ય સચના સ્પર્ધા અને (૪) લગ્નગીત સ્પર્ધા યોજવામાં આવેલ તેનાં પરિણામ જાહેર કરવામાં આવ્યાં અને આ સ્પર્ધામાં ઉત્તમ દેખાવો કરનાર પૈકી, સભામાં હાજર રહેલ ગ્રંથ પરિચય સ્પર્ધાના સ્પર્ધક કે જેણે પ્રથમ નંબર મેળવ્યો છે, તેવા વિદ્યાર્થી હિરેન નાગદેવસિંહ વાઘેલાને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થી હિરેન દ્વારા નાની ઉંમરે 'ગ્રંથ પરિચય' પુસ્તક બહાર પાડવામાં આવી રહ્યું છે. તે બદલ તેને ધન્યવાદ અને અભિનંદનથી નવાજમાં આવ્યો. બીજી સ્પર્ધાઓમાં ઇનામને પાત્ર નીચે મુજબનાં સ્પર્ધકોની જાહેરાત કરવામાં આવી.

ગ્રંથ પરિચય સ્પર્ધા

(૧) હિરેન એન. વાઘેલા (૨) નિકુંજ પી. મહેતા

વક્તૃત્વ સ્પર્ધા

(૧) કુ. શિવાની ઠક્કર (૨) કિરણ બી. પંડ્યા

કાવ્ય રચના સ્પર્ધા

(૧) કુ. નગમા જે. પલસાનિયા (૩) કુ. શિવાની એન. પટેલ

લગ્નગીત સ્પર્ધા

(૧) કુ. અંકિતા વી. ગઠવી (૨) શ્રી અશ્વિન નારોલા

ત્યારબાદ, જૂન માસમાં જેઓનાં જન્મદિન હતા તેઓને તથા લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનાર મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ'ને શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવવામાં આવ્યા.

પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટ 'ચિંતક'ની સાહિત્ય યાત્રાનો ખ્યાલ આપવામાં આવ્યો. જેમાં, ખાસ ઉપસ્થિત રહેલ નવલકથાકાર, મૂર્ધન્ય વાર્તાકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ ચયન સમિતિના સભ્ય ડો. કેશુભાઇ દેસાઇએ સાથ પુરાવ્યો.

કનૈયાલાલ નાગરદાસ ભટ્ટ 'ચિંતક' ના નામથી સાહિત્યમાં ખેડાણ કરે છે. જેઓ ગાંધીનગર નિવાસી અને આ સંસ્થાના સંવર્ધક સભ્ય પણ છે. તેમના કાવ્ય સંગ્રહ (૧) હું પણછ ખેંચીશ નહીં અને (૨) શબ્દાક્ષત ઉપરાંત ચરિત્ર 'મૃત્યુ લોકના અમર માનવી' નાટક - મારા દશ એકાંકીઓ, વિવેચન-સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીત કવિતા સ્વરૂપ અને વિકાસ અને મુખ્ય સીમાસ્તંભ, છ ગીત કવિ એક-અભ્યાસ, રમેશ પારેખનું કાવ્ય વિશ્વ- એક સમીક્ષા, સંપાદનમાં-ભારતીય ભાષાકોષ, ગુજરાતી - હિન્દી શબ્દકોશ, માતા કૈકેયી, નાટક રૂપાંતર છીન્નમસ્તા (ડો. ઇન્દિરા ગોસ્વામીની નવલકથાનો અનુવાદ) જેવાં પુસ્તકો પ્રગટ થયાં છે.

કનૈયાલાલ 'ચિંતક' દ્વારા તેઓની સાહિત્ય યાત્રાનું વક્તવ્ય આપતાં તેઓનાં કાવ્યસંગ્રહ 'મોરપીંછના રંગ'ના નીચે મુજબનાં કાવ્યોનું અને ગીતોનું તેમની આગવી શૈલી અને બોલીમાં પઠન કરી, સર્વેને સાહિત્ય તરબોળ કર્યા.

(૧) વાંસળી વગાડી તો જો
(૨) દૃશ્ય સૌ ભજવાય છે તપ્તા ઉપર
(૩) એક ફોટો તું હવાનો પાડ તો સાચો મરદ માનું
(૪) દર્દને હસતા રહી જો પી શકો, તો આ ગઝલ પામી શકો
(૫) માર્યો જઇશ !
(૬) હોય જે કરવું બધું, હમણાં કરી લે.
(૭) દિશા નક્કી કરો.
(૮) ચાલને બે ક્ષણ જીવી લઇએ
(૯) લે કપાળે સ્પર્શ, તાવ છે ?
(૧૦) એક છોકરી રઘુવીર ચૌધરીના પ્રેમમાં પડી !
(૧૧) આંખોની ઇ-મેઇલ મોકલવાનું ગીત
(૧૨) બસની એક જ સીટ પર બેઠેલા છોકરા-છોકરી
(૧૩) હેં ! આપણા જીવતરમાં છોકરીનું નામ નઇ ?
(૧૪) અપને દિલકી બસતિ મેં જો આગ લગાકર બૈઠે હૈ
(૧૫) હર રાત કો - હર ખ્વાબ કો અબ બદલના ચાહિયે
(૧૬) શર ઉઠાકે ચલ... મગર થોડા જુકાના શીખ લે !

તેઓ કાવ્યો/ગીતો ઉપરાંત હળવી શૈલીનું ગદ્ય, તેઓનાં સંગ્રહ 'હાસ્યમ્ પરમ્ સુંદરમ્' માંથી રજૂ કર્યું. જેમાં 'મમરા વિષેની કેટલીક માર્મિક વાતો અને નામરૂપ ઝૂઝવાં' રજૂ કરીને, જેના વિષે આજદિન સુધી કોઇએ કંઇ જ નથી લખ્યું તેવા 'મમરા' વિષે માર્મિક વાતો કરીને સર્વે આનંદિત કરી દીધા. સભાની પૂર્ણાહૂતિ પૂર્વે, મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું.

કાવ્ય સેતુ - સંવેદનશીલ છીએ

અમે સંવદનશીલ છીએ
પતંગની દોરીથી માનવ ગળું કાપીએ
પણ પંખીની બહુ ચિંતા કરીએ છીએ.
મંદિરે ભિક્ષુકની હાર વચ્ચેથી જઇ
મૂર્તિ સોનેથી મઢીએ છીએ.
સેંકડો નિર્દોષ ભલે બેમોત મરતા
ઘાતકના અધિકાર કાજ લડીએ છીએ.
અમે સંવદનશીલ છીએ
ગામના ગરીબો ભૂખ્યા ભલે રહે
પક્ષીને દાણા વેરીએ છીએ
અકસ્માતે ઘાયલની સહાય માટે
પોલિસની રાહ અમે જોઇએ છીએ.
કેમેરાની રાહ અમે જોઇએ છીએ.
મૃતકને શ્રદ્ધાંજલિ દઇએ છીએ.
નદીનાં વહેણ, દરિયાની ભરતી,
જંગલ અને જલવાયુ, ધૂમકેતુ, રાહુકેતુ
માનવભક્ષી દીપડા, પરવાળા ને માછલી,
માણસને બાદ કરી બાકીની સઘળી
સૃષ્ટિની ચિંતા કરીએ છીએ,
અમે સંવદનશીલ છીએ.

- મહેન્દ્ર પુરોહિત

હૃદયસ્પર્શી ઉર્મિકાવ્યોનો રસાસ્વાદ

ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

"અંગે અંગ મળ્યા નહિં,
ન મળ્યા હોઠે હોઠ,
પ્રિય મુખ પદમ નિહાળતાં,
પૂર્ણ થયો સંભોગ."

- કવિશ્રી હેમચંદ્રાચાર્ય

પોતાના પ્રિયપાત્ર સાથે પુરેપુરૂ મિલન નહિં માણી શકવાનો અફસોસ વ્યક્ત કરતી આ કાવ્ય કણિકામાં હૃદયની ઊર્મિઓને લાગણીઓને કવિશ્રીએ વ્યક્ત કરી છે. કવિશ્રી એ જે વાત કાવ્યમાં કરી છે તેનું વિશ્લેષણ કરીએ તો પ્રેમી પાત્રો સામાન્ય રીતે જયારે એકબીજાને મળે છે ત્યારે સહુ પ્રથમ તો એકબીજા સાથે આલિંગન કરીને પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે. આલિંગન દ્વારા પ્રેમીઓના મન-હૃદય-આત્માનું મિલન થાય છે. પછી એકબીજાના હોઠોનું મિલન કરતું ચુંબન કરે છે અને ચુંબન દ્વારા પ્રેમરસની આપલે થાય છે. પણ અહિં તો પ્રેમી પાત્રોના હોઠોનું મિલન ચુંબન થઇ શક્યું નથી. અંગેઅંગ પણ મળ્યા નથી આલિંગન પણ થયું નથી માત્ર એકબીજાના પ્રિય મુખડા જોવાનો સંતોષ માનીને તેઓ જ સંભોગનો આનંદ માણી લીધાની કલ્પના કવિશ્રીએ કરી છે. કવિશ્રી કહેવા માંગે છે. માત્ર આલિંગન, ચુંબન અને સંભોગથી જ પ્રેમ વ્યક્ત કરવાની જરૂર નથી. માત્ર પોતાના પ્રિય પાત્રનું મુખડું જોઇને જ આલિંગન ચુંબન સંભોગ થઇ ગયાનો સંતોષ માણી શકાય છે.

આજના રાજકારણીઓ પોતાની મતબેંક ઉભી કરવા હિન્દુ-મુસ્લીમ વચ્ચે જાતિવાદનું ઝેર રેડી રહ્યા છે. તેની કવિશ્રીએ ટીકા કરતું કાવ્ય રચેલ છે.

"ના હિન્દુ નિકળ્યા
ના મુસલમાન નિકળ્યા
કબરો ઉઘાડી જોયું
તો ઇન્સાન નિકળ્યા"
- અમૃત ઘાયલ

કવિશ્રીએ આ કાવ્ય દ્વારા જાતિવાદના ઝેરનું મારણ કરવાનો ચેતના જગવતો સંદેશો આપ્યો છે. જાતિવાદના ગોરમાં લોકો આંધળા બનીને એકબીજાની હત્યા કરે છે ત્યારે કવિશ્રીએ કાવ્ય દ્વારા સંદેશો આપ્યો છે. જાતિવાદનો ભોગ બનીને મૃત્યુ પામેલા લોકોની કબરો ખોલીને જોયું તો તેઓ ના મુસલમાન નિકળ્યા કે ના હિન્દુ નિકળ્યા પરંતુ ઇન્સાન નિકળ્યા. આપણે સહુ ઇન્સાનો છીએ. ઇન્સાનોએ ઇન્સાનિયતને જગાડીને જાતિવાદના ઝેરને ખતમ કરવાનો સંદેશો આપ્યો છે.

પિનાકીન ઠાકોર રચિત એક ઉર્મિકાવ્યમાં માનવીની એકલતાની લાગણીઓને અદ્‌ભૂત રીતે વ્યક્ત કરવામાં આવી છે.

"આજ મારા અંતરને એકલું લાગે,
મૂંગો તે મનમાં છાયો સુનકાર બધે
પોતાના જ થાતાં પરાયા ને
અંતરથી અળગા આઘા,
સ્મરણોના સુખ તો સમુળગા મેલીને,
ઉઠી ચાલ્યા રે અધીરા
હો ખંડિયેરે ભણકારા ભૂતના વાગે
કોઇનીયે યાદ જો સતાવે"

કુટુંબમાં, સમાજમાં રહેતા માનવીના સગાવહાલાં, મિત્રો સ્નેહીજનો જયારે સાથ છોડીને જતાં રહે અને પોતાના જ જયારે પારકાં બનીને સાથ છોડીને જતાં રહે ત્યારે માનવી એકલવાયાપણાને અહેસાસ કરે છે. અને આ એકલવાયાપણું માનવીના હૃદયને કોરી ખાય છે. મનમાં - જિંદગીમાં સુનકાર છવાઇ જાય છે. માનવીને એકલવાયાપણાની વેદના દુખી દુખી કરી નાખે છે. બધા સગાંવહાલાં-સ્નેહીજનો સંબંધોના મીઠાં સ્મરણોને મારી નાખીને ભૂલી જઇએ ઉડી ગયા છે ચાલ્યા ગયા છે. ત્યારે એકલા પડી ગયેલા માનવીને ચારેકોર ભૂતના ભણકારા વાગે છે. સ્નેહીજનો - સગાવહાલાં બધાંની યાદ તેને સતાવે છે. જો કે એક ગઝલકારે કહ્યું છે કે 'તારી સાથે તું પોતે તો છે ને ! માનવીએ એકલતા ભૂલીને પોતાની જાત સાથે અનુસંધાન કરવાનું છે પોતાની જાત સાથે નાતો બાંધવાનો છે માણસે પોતે પોતાનામાં જ મસ્ત થઇને જીંદગી વિતાવવાની છે. છતાં જિંદગીમાં કયારેક માનવી એકલો પડી જતો હોય ત્યારે એકલતાને સહન કરવાની છે. પોતાની જાત સાથે નાતો બાંધીને એકલતાને ભગાડવાની છે.'

આદિલ મન્સુરી નામના કવિશ્રીએ એમના ઊર્મિકાવ્યમાં માનવીને મળેલ આ અમૂલ્ય એવી જિંદગીને માણી લેવાની વાત કરી છે.

"નદીની રેતમાં રમતું નગર મળે કે ના મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે કે ના મળે,
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર (સુવાસ) મળે કે ના મળે,
પરિચિયતાને ધરાઇને જોઇ લેવા દો
આ હસતા ચહેરા આ મીઠી નજર મળે કે ના મળે,
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો
પછી આ શહેર, આ ગલીયો, આ ઘર મળે કે ના મળે."

કવિશ્રીએ આ કાવ્ય દ્વારા માનવીમાં ચેતના જગવતો સંદેશો આપ્યો છે. આ કાવ્યમાં ભાવાનુવાદ કરીએ તો ઇશ્વરે આપણને બક્ષેલી આ અમૂલ્ય જિંદગીને જીવંત બનાવીને માણી લેવાની વાત કરી છે. ફરી પછી આ જિંદગી મળે કે ના મળે. જિંદગીની એક એક ક્ષણોને માણી લો આવી ક્ષણો ફરી પાછી મળે કે ના મળે તમને જેનો પ્રેમ મળ્યો છે. એ પ્રેમને ભરપૂર માણી લો ફરીથી આવો પ્રેમ મળે કે ના મળે. તમને જીવનમાં જેનો સંગાથ મળ્યો છે. એ સંગાથને ભરપેટ માણી લો ફરીથી આવો સંગાથ મળે કે ના મળે. આ ઘર, આ શહેર, શહેરની ગલીઓ, રસ્તાઓ, દિવાલો, બારીઓ, પરિચિતો, હસતા ચહેરાઓ આ બધાની ભીની ભીની સૂવાસને તમારા સ્મૃતિ પર ઉપર છવાઇ જવા દો. ફરીથી આ બધું મળે કે ના મળે. એક ગઝલકારે આવો જ કાંઇક સંદેશો તેની ગઝલમાં આપ્યો છે કે

"જીંદગી કે હૈ ચારદિન,
મરના હૈ એકબાર
જીલો બાર બાર"

જાણીતા કવિશ્રી રાજેન્દ્ર શુકલએ તેમના એક ઉર્મિકાવ્યમાં સરસ વાત કરી છે.

"હેત દેખીને ભલે હળિયે (મળીએ) અમે,
ઉગીએ જો આ આથમવું ય પડે,
મેરૂ મળશે પણ નહિં મળીયે અમે
જયાં હોઇએ ત્યાં ઝળહળીએ અમે."

કવિ કહેવા માંગે છે કે આ જગતમાં આપણે સહુ જયાં પણ છીએ. જેને પણ હળીએ મળીએ છીએ ત્યાં બધા સાથે અંધારા ઉલેચીને અજવાળા પાથરીને રોશની ફેલાવવાની છે. સંબંધોનો પ્રકાશ ફેલાવવાનો છે. ઉગવું અને આથમવું, દિવસ અને રાત, સુખ અને દુઃખ, ભરતી અને ઓટ આ બધો જીવનનો ક્રમ છે. આપણે આ જીવનચક્રમાં અનુકૂલન સાધને ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે સંજોગોમાં તકલીફો રૂપી પહાડો આવે તો પણ ડગ્યા વગર ગભરાયા વગર આપણે આપણામાં સહનશીલતારૂપી રોશની ફેલાવીને સમાજમાં રોશની ફેલાવવાની છે.

આ બંને ભાઈઓને ભણાવ્યા, ગણાવ્યા અને ઠેકાણે પાડ્યા તેમને માટે મેં મહાન ત્યાગ કર્યો તેનો આ બદલો આપ્યો, આવા ભૂતકાળમાં કરેલ કાર્યોને યાદ કરતાં કરતાં મોટીબહેન 'એકાકી જીવન ધારા' પસાર કરી રહ્યા છે

એકાકી જીવન ધારા

- નિરંજન ઓઝા

પ્રો. ચંદ્રશેખર શુક્લ ભાવનગર શહેરના પ્રાચીન તખતેશ્વર મહાદેવ મંદિર નજીકની સોહાગી સોસાયટીમાં નિવાસ કરે છે. તેમને સંતાનમાં મોટી દીકરી તેમજ બે દીકરા છે. પોતે પ્રોફેસર હોવાથી શિક્ષણની મહત્તા સમજે છે, તેમના ત્રણે સંતાનો ઉપર અભ્યાસ માટે ખૂબ જ ચીવટ રાખે છે, પરિણામે મોટી દીકરી તથા મોટો દીકરો પ્રત્યેક વર્ષ પહેલાં પડેલો નંબર જ મેળવે છે. જયારે બીજો દીકરો ભણવામાં સાધારણ છે અને બીજી પ્રવૃત્તિમાં વિશેષ ધ્યાન આપે છે.

પ્રો. શુક્લસાહેબ સર શામળદાસ કોલેજમાં હિસ્ટ્રી તથા પોલીટીક્સ સાયન્સના વિષયો ભણાવે છે તેઓ વિદ્યાર્થીઓમાં તેમની ટીચીંગ પદ્ધતિને લીધે ખૂબ જ છવાયેલા છે, તેવી જ રીતે ઘરમાં પણ ખૂબ સન્માનને પાત્ર રહ્યા છે. સવારે બધા ઉઠે તે પહેલાં ઉઠવું, ઉઠીને દૂધ લાવવું, તાજા પાણીના માટલાં ભરવા, ત્યારબાદ કુટુંબના દરેક સભ્યો ઉઠે તે પહેલાં ચાહ-કોફી બનાવવા અને ત્યાર પછી બધાંને ઉઠાવવા. આ મુજબ પ્રોફેસર સાહેબનો નિત્યક્રમ રહ્યો છે. એક દિવસ વહેલી સવારે ઉઠી, દૂધ લાવી, ચાહ બનાવે છે. ત્યારે પ્રોફેસર સાહેબ પડી જાય છે, અવાજ થતાં, બધા જાગી જાય છે અને ડોકટર સાહેબને દેખાડતાં, કમ્મરમાં થોડી તડ પડી હોવાથી જાણ કરવામાં આવે છે. બે દિવસ હોસ્પિટલમાં રહ્યા પછી ઘરે લાવવામાં આવે છે. પરંતુ ત્રણેક દિવસ પછી વહેલી સવારે પ્રોફેસર સાહેબનું હાર્ટ એટેકને લીધે અવસાન થાય છે. હવે ઘરની બધી જ જવાબદારી મોટી દીકરી પુષ્પા ઉપર આવે છે. એટલું સારૂં છે કે આ દરમિયાન પુષ્પાએ એમ.એ. પુરૂ કરી લીધું હોય છે. પરંતુ બંને ભાઇઓનો અભ્યાસ હજુ ચાલુ હતો. આ આવી પડેલ અણધારી મુશ્કેલીમાં બંને ભાઇઓને સાંત્વન આપતાં મોટી બહેન પુષ્પા જણાવે છે કે તમારે અભ્યાસ ચાલું જ રાખવાનો છે, જેટલું ભણવું હોય તેટલું ભણાવવાની જવાબદારી મારી છે તેની તમારે ચિંતા કરવાની નહિં.

પિતાજીના અવસાનને ત્રણેક વર્ષ થયાં હશે અને પુષ્પા પુખ્યવયની થતાં, માગા આવે છે. પરંતુ જો લગ્ન થાય તો ભાઇઓ નાના છે. ભણે છે તેવા સંજોગોમાં ભાઇઓ અને કુટુંબનું શું ? એ વિચારે માગાનો અસ્વીકાર કરે છે. સમય પસાર થાય છે. મોટો ભાઇ હવે સી.એ. થઇ ગયો હોય છે અને બેન્કમાં સર્વિસ પણ મળી ગઇ હોય છે, ત્યારે નાનો ભાઇ બી.એ. થઇ જાય છે. હવે મોટાભાઇના લગ્નની વાતચીત ચાલે છે અને લગ્ન પણ લેવાય છે. લગ્ન થયાને આઠેક માસ પછી એક દિવસ મોટાભાઇ જાહેર કરે છે કે તેને બેન્કની લોન મળી હોવાથી, જોગીવાડની ટાંકી પાસે ફ્લેટ લીધો છે. ત્યાં એકાદ અઠવાડિયા પછી રહેવા જઇશું. મા-દીકરી, આ અણધાર્યા સમાચારને સહર્ષ સ્વીકાર કરે છે. આમ મોટાભાઇ અલગ થાય છે.

થોડાક મહિનાઓ પછી એક દિવસ સવારે સરસ રીતે તૈયાર થઇને નાનો ભાઇ એક છોકરી સાથે આવે છે. અને આવતાની સાથે બંને મા-બહેનને પગે લાગી જાણ કરે છે કે અમે કોર્ટ મેરેજ કર્યા છે. વિશેષમાં જણાવે છે કે મારા સસરાંને વાઘાવાડીમાં મોટો બંગલો છે. ત્યાં અમે રહેવા જવાના છીએ. આ સાંભળી બીજો આઘાત બીજા ભાઇએ આપ્યો જેનો પણ મા-દીકરીએ સહર્ષ સ્વીકાર કર્યો.

હવે મા-દીકરી એકલા થઇ ગયા. બંને ભાઇઓ, મા તથા બહેનની લાંબા સમય સુધી ખબર લેવા આવતાં નથી તેથી કોઇ કોઇ દિવસ ભાઇઓને મળવાની ઇચ્છા થતા, મા-દીકરી મોટાભાઇને ત્યાં મળવા જાય છે પરંતુ બંનેને જોઇએ એવું સમ્માન મળતું ન હોવાનું જણાતા, મોટાભાઇને ત્યાં જવાનું ઓછું કરી નાખે છે. તેવી જ રીતે નાનાભાઇને ત્યાં જતાં, આવી જ પરિસ્થિતિ હોવાનું જણાતાં મા-દીકરી નિરાશ થઇ જતાં, તેમાં વળી એક દિવસ નાનાભઆઇ, માને મળવા આવે છે ત્યારે જણાવે છે કે તમે અમારે ત્યાં આવો છે તે મારા-સાસુ-સસરાંને ગમતું નથી, આ સાંભળી મા ઉઘડો લેતાં ગુસ્સામાં જણાવે છે કે તારા સાસુ-સસરાંને અમે આવીએ છીએ તે ગમતું ન હોય તો તું પણ મારા ઘરે આવશે નહિં, અરે, હું મરી જાઉં ત્યારે પણ તું ઘરે આવતો નહીં.

આવા દુઃખદ વાતાવરણમાં માની તબિયત બગડે છે અને એક દિવસ વહેલી સવારે પોતાની મોટી દીકરીને એકલી મુકી, અવશાન પામે છે. બંને ભાઇઓ, સહકુટુંબ લૌકિક દૃષ્ટિએ આવે છે અને ક્રિયાઓ પુરી કરે છે. પરંતુ જતાં જતાં મોટી બહેનને કહેતાં જાય છે કે તું જીવે ત્યાં સુધી, આ ફ્લેટમાં રહે તો અમને વાંધો નથી. આ સાંભળી ત્યારે તો મોટી બહેન કશું બોલતા નથી પરંતુ એકલા હોય છે ત્યારે વિચારે છે કે આ બંને ભાઇઓને ભણાવ્યા, ગણાયા અને ઠેકાણે પાડ્યા તેમને માટે મેં મહાન ત્યાગ કર્યો તેનો આ બદલો આપ્યો. આવા ભૂતકાળમાં કરેલ કાર્યોને યાદ કરતાં કરતાં મોટીબહેન 'એકાકી જીવન ધારા' પસાર કરી રહ્યા છે.